# મુદત પૂર્ણ થઈ હોય તે બેંકોમાં કસ્ટોડિયન મૂકો

**સમયબદ્ધ** ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવા સંદીપ માંગરોલાની રાજ્ય સરકારને રજૂઆત

સુરતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી સંદીપ માંગરોલાએ રાજ્યની તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં તાત્કાલિક કસ્ટોડિયન નીમવા અને સમયબદ્ધ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવાની માંગ સાથે રાજ્ય સરકાર સમક્ષ સત્તાવાર રજૂઆત કરી છે. આ અંગે તેમણે મુખ્યમંત્રી, અતિરિક્ત મુખ્ય સચિવ (સહકાર) તથા સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને પત્ર પાઠવ્યો છે.

માંગરોળાએ જણાવ્યું હતું કે રાજ્યની અનેક જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં વ્યવસ્થાપક સમિતિઓનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો હોવા છતાં હજુ સુધી નવી ચૂંટણીઓ યોજાઈ નથી. આવી સ્થિતિમાં મુદત પૂર્ણ થયેલી સમિતિઓ દ્વારા બેંકોનું સંચાલન ચાલુ રહેવું સહકારી કાયદાની ભાવના તેમજ લોકશાહી વ્યવસ્થાના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુ કે, સહકારી સંસ્થાઓમાં સમયસર ચૂંટણી યોજવી માત્ર કાયદાકીય ફરજ જ નહીં, પરંતુ સભાસદોના લોકશાહી અધિકારોનું રક્ષણ પણ છે. જ્યાં કાર્યકાળ પૂર્ણ થઈ ગયો હોય ત્યાં રાજ્ય સરકાર અને સહકારી વિભાગે તાત્કાલિક કસ્ટોડિયન અથવા એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરી નવી ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિ રચાય ત્યાં સુધી વહીવટ સુનિશ્ચિત કરવો જોઈએ. આ ઊપરાંત સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા, જવાબદારી અને લોકશાહી જાળવવા માટે રાજ્ય સરકારે તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની સ્થિતિની સમીક્ષા કરી તાત્કાલિક નિર્ણય લેવો જરૂરી છે. ચૂંટણીઓમાં વિલંબ થવાને કારણે સભાસદો, ખેડૂતો અને થાપણદારોમાં અનિશ્ચિતતા વધી રહી છે. તેમણે માંગ કરી છે કે મુદત પૂર્ણ થયેલી તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં તાત્કાલિક કસ્ટોડિયન નીમવામાં આવે અને સમયબદ્ધ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરીને નવી વ્યવસ્થાપક સમિતિઓની રચના કરવામાં આવે.

# ‘ઓપરેશન ડેલ્ટા હન્ટ’ ત્રીજા દિવસે પણ યથાવત

**ત્રણ** દિવસમાં 114 બાળકો, 282 મહિલા અને 172 પુરુષ સહિત 568ની ધરપકડ

ગાંધીનગર : રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા તથા રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાધાન્ય આપવાના હેતુથી ગુજરાત પોલીસ દ્વારા હાથ ધરાયેલા ‘ઓપરેશન ડેલ્ટા હન્ટ’ અંતર્ગત સતત ત્રીજા દિવસે રાજ્યભરમાં વ્યાપક કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત આજે સવારે 8 વાગ્યા સુધીમાં કુલ 568 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં 172 પુરુષો, 282 મહિલાઓ અને 114 બાળકોનો સમાવેશ થાય છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યની સુરક્ષા અને શાંતિ સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરી કરીને રાજ્યમાં વસવાટ કરતા તત્વો સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે અને આગામી સમયમાં પણ આવી ઝુંબેશ વધુ સઘન બનાવવામાં આવશે.

ગાંધીનગરમાં પોલીસના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા અનુસાર રાજ્યના તમામ જિલ્લાઓમાં અલગ-અલગ ટીમો દ્વારા હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. શંકાસ્પદ વ્યક્તિઓ તથા વિસ્તારોની તપાસ કરવામાં આવી રહી છે અને વધુ ગેરકાયદેસર રીતે વસવાટ કરતા લોકોની ઓળખ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પકડાયેલા તમામ વ્યક્તિઓ સામે સંબંધિત કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# વરસાદની આગાહી વચ્ચે ગુજરાતમાં ભારે બફારો યથાવત

**અમદાવાદ,** ગાંધીનગર, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી તાપમાનથી લોકો અકળાયા

અમદાવાદઃ ગુજરાતમાં હાલ ગરમી અને બફારાનો માહોલ યથાવત્ છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40થી 41 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. 6 જૂને રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

શુક્રવારે રાજ્યના શહેરોમાં નોંધાયેલા મહત્તમ તાપમાનમાં અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજકોટ, અમરેલી અને ભાવનગરમાં 40 ડિગ્રી, વડોદરા અને કંડલા એરપોર્ટ ખાતે 39 ડિગ્રી, કંડલા પોર્ટ પર 38 ડિગ્રી, ભૂજ અને કેશોદમાં 37 ડિગ્રી, જ્યારે સુરત, નલિયા, પોરબંદર અને મહુવામાં 35 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. દમણમાં 36 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સપ્તાહ દરમિયાન રાજ્યમાં તાપમાનમાં મોટો ઘટાડો થવાની સંભાવના નથી, પરંતુ પ્રિ-મોન્સૂન વરસાદ અને ગાજવીજની પ્રવૃત્તિના કારણે કેટલાક વિસ્તારોમાં ગરમીથી આંશિક રાહત મળી શકે છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયો વરસાદ નોંધાયો હતો. જ્યારે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો. હવામાન વિભાગે અમદાવાદ માટે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. શહેરમાં એકાદ-બે વખત હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા છે.

અમદાવાદનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ મેંગલુરુ, ઉધગમંડલમ, કોડાઈકેનાલ અને થૂથુકુડી સુધી પહોંચી ગયું છે. આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ચોમાસું મધ્ય અરબી સમુદ્રના વધુ વિસ્તારો ગોવા, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશના કેટલાક ભાગો, કર્ણાટકના વધુ વિસ્તારો, તમિલનાડુના બાકીના વિસ્તારો તેમજ બંગાળની ખાડીના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

# આજથી RTE પ્રવેશનો ત્રીજો રાઉન્ડ

**સુરત** શહેરમાં 2,567 અને ગ્રામ્યમાં 713 બેઠકો હજુ ખાલી

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ધોરણ-1માં પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ પૂર્ણ થતાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મળીને 3,280 બેઠકો હજુ ખાલી હોવાનું સામે આવ્યું છે. હવે પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓ માટે ત્રીજો રાઉન્ડ 6 જૂનથી શરૂ થવાનો છે.

સુરત શહેરમાં કુલ 27,180 અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં 10,606 બાળકોને બેઠકો ફાળવાઈ હતી, જેમાંથી 10,226 વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા. પ્રથમ રાઉન્ડ બાદ 3,058 બેઠકો ખાલી રહી હતી. બીજા રાઉન્ડમાં 650 બેઠકોની ફાળવણી કરવામાં આવી, જેમાંથી 491 વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો જ્યારે 159 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો નહોતો. પરિણામે બીજા રાઉન્ડના અંતે શહેરમાં હજુ 2,567 બેઠકો ખાલી છે. બીજી તરફ સુરત ગ્રામ્ય વિસ્તારમાં 6,290 અરજીઓ મંજૂર થઈ હતી. પ્રથમ રાઉન્ડમાં 2,868 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો, જેમાંથી 2,680 વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. 3,588 બેઠકો સામે પ્રથમ રાઉન્ડ બાદ 908 બેઠકો ખાલી રહી હતી. બીજા રાઉન્ડમાં 279 વિદ્યાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી, જેમાંથી 195 વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા જ્યારે 84 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો નહોતો. ગ્રામ્ય વિસ્તારમાં હવે 713 બેઠકો ખાલી છે.

### પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓને વધુ એક તક

RTE હેઠળ પ્રવેશ માટે અરજી માન્ય થઈ હોવા છતાં પ્રથમ અને બીજા રાઉન્ડમાં પ્રવેશ ન મળેલા અરજદારો માટે હવે ત્રીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. ખાલી બેઠકો ધરાવતી બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરીથી પસંદગી કરવાની તક આપવામાં આવશે.

### 6થી 8 જૂન સુધી શાળાની પસંદગી બદલી શકાશે

શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, 6 જૂનથી 8 જૂન, 2026 દરમિયાન અરજદારો ઓનલાઈન અરજીમાં માત્ર શાળાઓની પસંદગીમાં ફેરફાર કરી શકશે. ત્યારબાદ ખાલી બેઠકોના આધારે ત્રીજા રાઉન્ડની ફાળવણી કરવામાં આવશે.

# આ વર્ષે પાઠ્યપુસ્તકોના ભાવમાં કોઈપણ વધારો કરવામાં નહીં આવે

**પ્રવેશોત્સવ** પૂર્વે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકો પહોંચાડી દેવામાં આવશે

**જો કોઇ** શાળામાં પુસ્તક નહીં પહોંચે તો ડિજિટલ બેકઅપની વ્યવસ્થા

ગાંધીનગર : ગુજરાત બોર્ડ સંલગ્ન પ્રાથમિકથી શરૂ કરીને હાયર સેકન્ડરી શાળાઓ સુધીના તમામ માધ્યમોના પાઠ્યપુસ્તકો નિયત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. આકસ્મિક વૈશ્વિક પડકારો છતાં પુસ્તકોના ભાવમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી અને વાલીઓ પર એક પણ રૂપિયાનો વધારાનો આર્થિક બોજ પડવા દેવામાં આવશે નહીં.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના કાર્યવાહક અધ્યક્ષ મનુભાઈ પાવરાએ જણાવ્યું હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષે વિદ્યાર્થીઓના હિતમાં કેટલાક નૂતન વિષયોનો ઉમેરો કરી પાઠ્યપુસ્તક નિર્માણની પ્રક્રિયા સમયસર શરૂ કરી દેવાઈ હતી. પરંતુ, કેટલીક અનિવાર્ય ન્યાયિક પ્રક્રિયા - કોર્ટ કેસ તેમજ ઈરાન સહિતના અન્ય દેશો વચ્ચે સર્જાયેલી વૈશ્વિક યુદ્ધની વિષમ પરિસ્થિતિને કારણે કાગળની આયાતમાં અંદાજે અઢીથી ત્રણ મહિનાનો આકસ્મિક વિલંબ થયો હતો. જો કે, મંડળની સમગ્ર ટીમ તમામ આંતરરાષ્ટ્રીય અને કાનૂની અવરોધોને પાર પાડી, વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સહેજ પણ પ્રભાવિત ન થાય તે માટે અત્યારે દિવસ-રાત પૂરજોશમાં પ્રિન્ટિંગની કામગીરી કરી રહી છે.

રાજ્યની ખાનગી અને નોન-ગ્રાન્ટેડ શાળાઓ માટેના કિંમતવાળા પુસ્તકો વિતરકો સુધી સમયસર પહોંચાડી દેવાયા છે, જે હાલ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થઈ પણ ચૂક્યા છે. જ્યારે સરકારી પ્રાથમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓને આગામી શાળા પ્રવેશોત્સવ પૂર્વે જ તમામ પાઠ્યપુસ્તકો તાલુકા કક્ષા સુધી સંપૂર્ણપણે વિનામૂલ્યે મળી રહે તેવું માઈક્રો-પ્લાનિંગ વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ પુસ્તકો અતિ ઝડપે પહોંચાડવા માટે વિવિધ સરકારી એજન્સીઓ ખડેપગે કામ કરી રહી છે.

ભૌગોલિક પડકારો કે અંતરિયાળ -રીમોટ વિસ્તારોમાં આકસ્મિક સંજોગોવસાત જો ભૌતિક પુસ્તક પહોંચવામાં સહેજ પણ વિલંબ થાય, તો પણ વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય ક્યાંય અટકે નહીં તે માટે મંડળે અત્યાધુનિક ડિજિટલ બેકઅપ’ની આગોતરી વ્યવસ્થા ઊભી કરી છે.

# ઉધના-ઝંઝારપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેનનું બુકિંગ શરૂ

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા ઉધના-ઝંઝારપુર સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા સાથે આરક્ષિત સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, ટ્રેન સંખ્યા 09047/09048 ઉધના-ઝંઝારપુર સ્પેશિયલ ટ્રેન કુલ 2 ફેરા મારશે. આ અંતર્ગત, ઉધનાથી ઝંઝારપુર જતી સ્પેશિયલ ટ્રેન (09047) આગામી 07 જૂન અને 14 જૂન, 2026ના રોજ રવિવારે ઉધનાથી સવારે 05:30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સોમવારે રાત્રે 20:30 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. તેવી જ રીતે, ઝંઝારપુરથી ઉધના આવતી સ્પેશિયલ ટ્રેન (09048) 08 જૂન અને 15 જૂન, 2026ના રોજ સોમવારે રાત્રે 22:30 વાગ્યે ઝંઝારપુરથી પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે બપોરે 13:45 વાગ્યે ઉધના પહોંચશે. જેનું બુકિંગ આજથી શરુ કરી દેવામાં આવ્યું છે.

# યુનિ.માં જૈન ફિલોસોફીનો નવો અધ્યાય શરૂ થશે

**વર્ધમાન** ચેરિટેબલ ફાઉન્ડેશન સાથે કરાર

**ત્રણ** મહિનાના સર્ટિફિકેટ કોર્સમાં સ્કોલરશિપની પણ સુવિધા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન વચ્ચે મહત્વપૂર્ણ કરાર (MoU) કરવામાં આવ્યો છે. આ કરારના પ્રારંભિક તબક્કામાં યુનિવર્સિટી ખાતે જૈન ફિલોસોફી અને જૈન ધર્મ આધારિત ત્રણ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવશે. કોર્સના અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવા માટે બોર્ડ ઓફ સ્ટડીઝમાં પ્રસ્તાવ પણ રજૂ કરવામાં આવ્યો છે.

આ કરારનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં અહિંસા, સત્ય, કરુણા, નૈતિકતા અને જીવનમૂલ્યોનું સંવર્ધન કરવાનો છે. આધુનિક શિક્ષણ સાથે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જ્ઞાનનું સંકલન કરીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. કરાર અંતર્ગત વર્ધમાન ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે રૂ. 25 લાખનું ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ફંડના ઉપયોગ અને મોનિટરિંગ માટે યુનિવર્સિટી અને ફાઉન્ડેશનની સંયુક્ત કમિટી પણ રચવામાં આવશે.

પ્રથમ તબક્કામાં શરૂ થનારા કોર્સમાં જૈન ધર્મનો ઇતિહાસ અને વિકાસ, અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતો, કર્મ સિદ્ધાંત અને આત્મદર્શન, જૈન સાહિત્ય અને આગમો તેમજ પર્યાવરણ સંરક્ષણ અને જૈન વિચારધારા જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

### 60 બેઠકોનો કોર્સ, સ્કોલરશિપ અને ઈન્સેન્ટિવનો લાભ

બોર્ડ ઓફ સ્ટડીઝમાં રજૂ કરાયેલા પ્રસ્તાવ મુજબ આ સર્ટિફિકેટ કોર્સ ત્રણ મહિનાનો અને 4 ક્રેડિટનો રહેશે. કોર્સ માટે કુલ 60 બેઠકો ઉપલબ્ધ રહેશે. ઉપરાંત કોર્સ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને ફાઉન્ડેશનના ફંડમાંથી સ્કોલરશિપ તેમજ વિવિધ પ્રકારના ઈન્સેન્ટિવ પણ આપવામાં આવશે, જેના કારણે વિદ્યાર્થીઓમાં આ કોર્સ પ્રત્યે વધુ આકર્ષણ ઉભું થવાની શક્યતા છે.

# વીમા કંપનીથી માહિતી છુપાવી હોય તો ક્લેમ નહીં મળે

**પતિની** હૃદય સંબંધી બીમારીથી નિધન થતાં પત્નીએ ક્લેમ કર્યો હતો

સુરત : સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)એ વીમા કંપની સામેની ગ્રાહકની ફરિયાદ રદ કરી હતી. ફરિયાદી લાભુબેન માધાભાઈ વાઘમશીએ વીમા કંપની સામે ફરિયાદ કરી હતી. ફરિયાદીનાં પતિને તા. ૫-૧-૨૦૨૧ના રોજ છાતીમાં દુખાવો થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ તા ૨૧-૧-૨૦૨૧નાં રોજ ફરિયાદીનાં પતિનું નિધન થયું હતું. ફરિયાદીએ મેડીકલ સારવારનો રૂપિયા ૧,૬૯,૪૧૯ ખર્ચનો ક્લેમ વીમા કંપનીમાં કર્યો હતો. વીમા કંપનીએ પોલીસી લીધી ત્યારે હ્રદય સંબંધીની બિમારી છુપાવી હોવાથી ક્લેમ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદી પત્નીએ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન વીમા કંપની તરફે એડવોકેટ દર્શન શાહે દલીલ કરી હતી કે વીમાદારે વર્ષ ૨૦૧૬મા હ્રદય સંબંધી ઓપરેશન કરાવ્યું હતું. આ બિમારી પોલીસી લેતી વખતે જાહેર કરી નહોતી. સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને કેસમાં રજૂ થયેલા મેડિકલ રેકોર્ડ, હોસ્પિટલના દસ્તાવેજો અને વીમા પોલિસીની શરતોની તપાસ કર્યા બાદ નોંધ્યું કે ફરિયાદીના આરોગ્ય સંબંધિત પૂરતી માહિતી વીમા કંપનીને આપવામાં આવી નહોતી.જેથી ફરિયાદીની ફરિયાદ રદ કરી હતી.

# શાળાઓમાં 1808 HTAT મુખ્ય શિક્ષકોની થશે ભરતી

ગાંધીનગરઃ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકો (હેડ ટીચર)ની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. HTAT (હેડ ટીચર એપ્ટિટ્યુડ ટેસ્ટ) પાસ ઉમેદવારો માટે રાહતરૂપ નિર્ણય લેતા વિભાગે કુલ 1808 મુખ્ય શિક્ષક (વર્ગ-3)ની ભરતી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવાનો આદેશ કર્યો છે.શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ મુખ્ય શિક્ષકોની ભરતી 1:1:2ના રેશિયો મુજબ કરવામાં આવશે.

ભરતી પ્રક્રિયામાં સીધી ભરતી, બઢતી અને ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા એમ ત્રણ માધ્યમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સીધી ભરતી હેઠળ નિયમો મુજબ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જ્યારે શાળાઓમાં ફરજ બજાવી રહેલા અનુભવી શિક્ષકોને બઢતીનો લાભ મળશે. ઉપરાંત વિભાગીય સ્તરે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને પણ ભરતી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગે શિક્ષણ નિયામક કચેરીને ભરતી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા સૂચના આપી છે. ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખું તૈયાર કરી સમયમર્યાદામાં પરીક્ષા અને ભરતી પૂર્ણ કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ‘કેમ છો?...

મોદીએ સુરતીઓના દિલ જીતવાની સાથે સુરતવાસીઓની સ્વચ્છતા પહેલ અને પર્યાવરણ સુરક્ષાના કાર્યોને પ્રેરણાદાયી ગણાવી ઉમેર્યું હતું કે, સુરતની આ જાગૃતિ અને સંસ્કારોને કારણે જ તે આજે દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. દેશમાં સ્વચ્છતાને સંસ્કારમાં પરિવર્તિત કરવા છે. કારણ કે સ્વચ્છતા અભિયાન દેશના સ્વસ્થ ભવિષ્ય માટેનું સંસ્કાર પર્વ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે ખેતર બચાવોના અભિયાનમાં જોડાઇએ. પ્રાકૃતિક ખેતી અપનાવો. સુરતનો કચરો મને ભેટ આપ્યો છે. મોદીએ એવું પણ કહ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી પહેલીવાર ગુજરાત આવ્યો છું. હું સુરતથી ગુજરાતના તમામ લોકોને વંદન કરું છું. અઢી દાયકા કરતા વધુનો સમય થઈ ગયો છે. તમે ભાજપને નિરંતર તમારો આશીર્વાદ આપી રહ્યા છો. સમયની સાથે તમારા આર્શીવાદ વધતા જ જાય છે.

### બેરેજ પ્રોજેક્ટ...

આવ્યું છે, તે પર્યાવરણની સુરક્ષા સાથે આર્થિક ઉપાર્જનનું પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સુરતની આ વોટર ઇકોનોમી દેશના અન્ય શહેરો માટે પ્રેરણારૂપ છે. આ ઉપરાંત, શહેરમાં વોટર મેનેજમેન્ટ અને આધુનિક ડ્રેનેજ સિસ્ટમ ઊભી કરવા માટે તંત્ર દ્વારા લેવાયેલી પ્રાથમિકતા પ્રશંસનીય છે. વડાપ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, તાપી બેરેજ પ્રોજેક્ટ સાકાર થવાથી સુરત શહેરની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આગામી પાંચ દાયકા એટલે કે 50 વર્ષ સુધી શહેરના નાગરિકોને પાણીની કોઈ તંગી ન પડે તે પ્રકારનું સુરત મહાનગરપાલિકાનું દીર્ઘદ્રષ્ટિભર્યું આયોજન ખરેખર કાબિલેદાદ છે. પર્યાવરણની જાળવણી અને ગ્રીન મોબિલિટી તરફ આગળ વધતા તેમણે જાહેરાત કરી હતી કે, આગામી સમયમાં સુરતના રસ્તાઓ પર માત્ર અને બધી જ ઇલેક્ટ્રિક બસો દોડતી જોવા મળશે, જે પ્રદૂષણ મુક્ત સુરતના સંકલ્પને વેગ આપશે.

### હજીરા મેરિટાઇમ...

છે. ગુજરાત આજે દેશના કુલ વીજ ઉત્પાદનનો અંદાજે 25 ટકા હિસ્સો ધરાવે છે અને ગ્રીન હાઇડ્રોજન તેમજ ગ્રીન એમોનિયા ક્ષેત્રે પણ મહત્ત્વની ભૂમિકા ભજવવા જઈ રહ્યું છે ત્યારે હજીરાના ઉદ્યોગો ગ્રીન સ્ટીલ ઉત્પાદન તરફ આગળ વધી રહ્યા છે. હજીરા આત્મનિર્ભર ભારતનું રોલ મોડેલ બની રહ્યું છે. હજીરા માત્ર ઔદ્યોગિક ક્ષેત્ર નથી, પણ ત્યાં એનર્જી, સ્ટીલ, ડિફેન્સ પ્રોડક્શન, પોર્ટ અને ગ્લોબલ ટ્રેડની ઇકો સિસ્ટમ છે. હજીરા દેશના મોટા મેરીટાઇમ ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે વિકસિત થઈ રહ્યું છે.

### એક લાખ...

કચરો મને ભેટ આપ્યો છે. ૧ લાખ લોકોએ ૫ દિવસ સફાઈનું અભિયાન ચલાવ્યું, મારે માટે આ મોટામાં મોટી સોગાત છે અને આ ૧ લાખ લોકોનો અને આખા સુરતનો હૃદયથી આભાર માનું છું. વધુમાં તેમણે કહ્યું હતું કે, લોકો વિચારશે કે આ કેવો પ્રધાનમંત્રી છે. સ્વાગતમાં કચરો મળે એનો ગૌરવ કરી રહ્યો છે, કારણ કે મારે સ્વચ્છતા, એને સંસ્કાર બનાવવાના છે. ૧ લાખ લોકોનું જોડાવું એટલે સુરતમાં ૧ લાખ પરિવારોનું જોડાવું અને આ માત્ર સ્વચ્છતાનું અભિયાન નથી. આ એક પ્રકારે સ્વસ્થ ભવિષ્ય માટેનું સંસ્કાર પર્વ છે. અને એના માટે સુરતના સૌ સાથીઓ ખૂબ-ખૂબ અભિનંદનના અધિકારી છે.

### સુરતના યુવકે...

ચાલુ સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજર સભામાં ઊભેલા એક યુવકના હાથમાં રહેલા વિશાળ પોર્ટ્રેટ પર પડી હતી. પીએમ મોદી ચિત્ર જોઈને એટલા આકર્ષિત થયા કે તેમણે મંચ પરથી જ યુવકનાં વખાણ કર્યાં એટલું જ નહીં, પણ મંચ પર બોલાવીને તેની ભેટનો સ્વીકાર કર્યો હતો. આ દૃશ્ય જોઈ આખી સભા તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠી હતી. દેવ પટેલે જણાવ્યું હતું કે, કોરોના કાળ દરમિયાન મને મોદીજીનું પેઇન્ટિંગ બનાવવાનો વિચાર આવ્યો હતો. મોદીજીનાં કાર્યો અને તેમના વ્યક્તિત્વનો જે ‘ઓરા’ છે, તેનાથી હું ભારે પ્રભાવિત હતો. મારે તેમને નજીકથી અનુભવવા હતા, તેથી મેં તેમનો એક એવો ફોટો પસંદ કર્યો, જેમાં તેમની એનર્જી સ્પષ્ટ દેખાતી હોય. આ વિશાળ પોર્ટ્રેટને માત્ર પેન્સિલ અને રબરની મદદથી તૈયાર કરતાં મને આખું એક વર્ષ લાગ્યું હતું.

### કટોકટીમાં પણ...

ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, 31 માર્ચ 2026ના રોજ પૂરા થયેલા છેલ્લા ક્વાર્ટરમાં દેશનો વિકાસ દર 7.8 ટકા રહ્યો છે. જે ભારતને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર સાબિત કરે છે. વડાપ્રધાનના દમણ આગમન સમયે પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઇ પટેલ દ્વારા દમણ કોસ્ટગાર્ડ એર સ્ટેશન ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાનનો કાફલો એરપોર્ટ રોડ, મશાલચોક અને તીનબત્તી માર્ગે નમો એરપોર્ટ પહોંચ્યો હતો. માર્ગ દરમિયાન વિવિધ સ્થળોએ દમણમાં વસતા વિવિધ સમાજોના લોકો દ્વારા પરંપરાગત ઢબે સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સાહભેર કરાયેલા અભિવાદનથી સમગ્ર માર્ગ મોદીમય બની ગયો હતો. નમો એરપોર્ટ ખાતે પહોંચ્યા બાદ વડાપ્રધાને નવા ટર્મિનલ ભવનનું લોકાર્પણ કર્યું હતું અને તેની આધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે મરવડ ખાતે નિર્માણ પામેલી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ, 300 બેડની સંપૂર્ણ વાતાનુકૂલિત નમો હોસ્પિટલનું પણ લોકાર્પણ કર્યું હતું.

આરોગ્ય ક્ષેત્રે આ હોસ્પિટલ પ્રદેશના નાગરિકો માટે આધુનિક અને ગુણવત્તાસભર સારવારનું મહત્વનું કેન્દ્ર બનશે તેવી વડાપ્રધાને આશા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ જાહેર સભાના કાર્યક્રમ સ્થળે યોજાયેલી જનસભામાં દાદરા નગર હવેલી, દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ તેમજ પાલિકા અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ વડાપ્રધાનને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. જનમેદનીની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં વિકાસલક્ષી યોજનાઓ અને માળખાગત સુવિધાઓના વિસ્તરણને લઈને લોકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઇ પટેલે તેમના ઉદબોધનમાં પ્રધાનમંત્રી ને વિક્રમ આદિત્યનાથ સાથે સરખાવી તેમની છબી વડાપ્રધાનમાં જોઈ શકતા હોય કારણ કે, તેઓ રાજા વિક્રમ આદિત્યની જેમ પરદુઃખ ભંજન સમાન છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

### આહવાની સબજેલના...

બાગુલ વર્ષ ૨૦૨૫થી પોકસોના ગંભીર કેસમાં જેલમાં બંધ હતો, જ્યારે અન્ય આરોપી વિજય ધૂમ વર્ષ ૨૦૨૩થી હત્યાના ગુનામાં જેલવાસ ભોગવી રહ્યો હતો. આ ઘટનાબાદ સબ જેલના ઈન્ચાર્જ જેલરે આહવા ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણમાં ફરજ દરમિયાન બેદરકારી દાખવવા બદલ સબ જેલના બે બેરેક ગાર્ડ અને મુખ્ય દરવાજા પર તૈનાત બે જેલગાર્ડ વિરુદ્ધ પણ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બાબતે ડાંગ જિલ્લાનાં ડીવાયએસપી કૈલાશ ડીમરીનું સત્તાવાર નિવેદન સામે આવ્યું છે.આ સમગ્ર ચકચારી ઘટના અંગે ડાંગ જિલ્લાના ડીવાયએસપી કૈલાશ ડીમરીએ સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે:”તારીખ ૦૪-૦૬-૨૬ ના રોજ કલાક ૨૨:૩૦ ના અરસામાં આહવા સબ જેલ ખાતે બનાવ બન્યો છે.જેમાં ગિરીશભાઈ બાગુલ જે પોકસોનો આરોપી છે તથા વિજયભાઈ ધૂમ જે ખૂનનો આરોપી છે. મેઈન દરવાજામાં તાળું લાગેલુ ન હોય જેથી તેઓ આરોપીઓએ જેલ ગાર્ડને ધક્કો મારીને એનો ફાયદો લઈને બંને નાસી ગયા હતા. તે બાબતે ભાગેડુઓને પકડવા માટે ડાંગ જિલ્લામાં અલગ-અલગ ટીમ બનાવવામાં આવી છે, એને પકડવા માટે તજવીજ કરવામાં આવી છે અને સદર ગુનાની તપાસ આહવા પી.આઈ.બારીયા કરી રહ્યા છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### છેલ્લા ક્વાર્ટરમાં...

થયેલી અડચણોનો માત્ર એક જ મહિનો સામેલ હતો. તેલના ભાવોમાં ઉછાળો અને મધ્ય પૂર્વ(જે ભારત માટે ક્રૂડ ઓઇલ, નેચરલ ગેસ અને એલપીજીનો મુખ્ય સ્ત્રોત છે)માંથી પુરવઠામાં અવરોધની સંપૂર્ણ અસર ચાલુ એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં જોવા મળશે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊર્જા અને કોમોડિટીના ઊંચા ભાવો તેમજ સતત સપ્લાય-ચેઇનની અડચણોને ટાંકીને, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)એ ૨૦૨૬-૨૭ (FY27) માટે તેના જીડીપી વૃદ્ધિ દરના અંદાજને ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કરી દીધો છે. મુખ્ય આર્થિક સલાહકાર(CEA) વી. અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે, જો બાહ્ય પરિસ્થિતિઓમાં સુધારો થશે તો ભારત નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ માં (FY28) ફરીથી ૭ ટકાથી વધુના વિકાસ દર પર પરત ફરી શકે છે. તેમણે ઉમેર્યું કે, આરબીઆઇના અંદાજ મુજબ જો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં વિકાસ દર ૭ ટકાથી નીચે જાય તો પણ મેક્રોઇકોનોમિક સ્થિરતા જાળવવા અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી લેવાયેલા નીતિગત પગલાં અર્થતંત્રને નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮માં ૭ ટકાથી વધુના ગ્રોથ ટ્રેક પર પાછા લાવવામાં મદદ કરી શકે છે, શરત માત્ર એટલી કે બાહ્ય પરિસ્થિતિઓ અનુકૂળ બને.

MoSPI (મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન) દ્વારા જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) - જે અંતર્ગત આર્થિક પ્રવૃત્તિનું વધુ સચોટ ચિત્ર રજૂ કરવા માટે પરોક્ષ કર અને સરકારી સબસિડી જેવા અસ્થિર ઘટકોને બાદ કરે છે - તે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર દરમિયાન ૭.૯ ટકા વધ્યો છે.

### રિઝર્વ બેંક ઓફ...


જાહેરાત કરી છે. રૂપિયાને મજબૂતી આપવા માટે લેવાયેલા પગલાંમાં સરકારી સિક્યોરિટીઝમાં પાત્ર વિદેશી રોકાણકારો માટે વ્યાજની આવક અને મૂડી લાભ પરના ટેક્સ નાબૂદ કરવા, બિન-નિવાસી ભારતીયો (NRIs) પાસેથી ફોરેન-કરન્સી ડિપોઝિટ માટે રાહત દરોની ઓફર કરવી અને પસંદગીના વિદેશી દેવાં માટે હેજિંગ ખર્ચ પર સબસિડી આપવાનો સમાવેશ થાય છે. મોનેટરી પોલિસી કમિટી (MPC) એ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને 5.25 ટકા પર યથાવત રાખવા અને તેનું વલણ ન્યૂટ્રલ રાખવા માટે મત આપ્યો હતો. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, અગાઉની કટોકટીઓની સરખામણીએ ભારત વધુ મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ સાથે વૈશ્વિક અસ્થિરતાના આ તાજેતરના તબક્કામાં પ્રવેશ્યું છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે વધતા જતા ભૂરાજકીય તણાવ, કોમોડિટીના ઊંચા ભાવો અને સપ્લાયમાં અવરોધો આર્થિક અંદાજોને ધૂંધળા બનાવી રહ્યા છે. નીતિ વિષયક નિર્ણયોની જાહેરાત કરતા તેમણે જણાવ્યું હતું કે, સમિતિએ નોંધ્યું છે કે વૈશ્વિક વાતાવરણ વણસ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે પેનલને લાગ્યું કે વધુ સ્પષ્ટતા આવે ત્યાં સુધી રાહ જોવી એ શાણપણભર્યું ગણાશે. મધ્યસ્થ બેંકે જણાવ્યું હતું કે આંતરિક ફુગાવાનું દબાણ હાલ કાબૂમાં છે, પરંતુ સાવચેત કર્યા કે વધતા ખર્ચની અસર વેતન અને ફુગાવાની અપેક્ષાઓ પર પડી શકે છે. આ ઉપરાંત સામાન્ય કરતાં ઓછા ચોમાસાની આગાહી અને સંભવિત ‘અલ નીનો’ની સ્થિતિના જોખમોનો પણ ઉલ્લેખ કરાયો હતો, જે આગામી મહિનાઓમાં ખાદ્ય ચીજોના ભાવો પર દબાણ લાવી શકે છે.

**પોલીસના દરોડા છતાં હાથ ન લાગતા અનેક સવાલો ઉઠી રહ્યા છે**

# 15 લાખની ખંડણીનો કેસ નોંધાતા જ નઈમ મારબલવાલા-અખ્તર ઘરડા ‘ભૂગર્ભ’માં

**પોસરાની** કરોડોની જમીનના વિવાદમાં ખંડણી, ધમકી અને હવે ફરાર આરોપીઓની ચર્ચા; આગોતરા માટે દોડધામ તેજના સંકેત





નવસારીઃ પોસરા ગામની કરોડો રૂપિયાની કિંમત ધરાવતી જમીનને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે એક પછી એક ચોંકાવનારા વળાંકો સામે આવી રહ્યા છે. 15 લાખ રૂપિયાની ખંડણી માંગવા અને ગંભીર ધમકીઓ આપવાના આરોપસર મરોલી પોલીસ દ્વારા ગુનો નોંધાયા બાદ આરોપી મોહમદ નઈમ શબ્બીર અહેમદ મારબલવાલા ( રહે. સી 46 મદની સોસાયટી, ન્યુ કોઝવે રોડ, રાંદેર, સુરત) અને અખ્તર મૌલવી યુસુફ મહંમદ ઘરડા ( રહે. ઘરડા મોહલ્લા, લાજપોર, સુરત) અચાનક ગાયબ થઈ જતા સમગ્ર પ્રકરણ વધુ રહસ્યમય બન્યું છે.

લાજપોરના અબુબકર બુલબુલિયાની ફરિયાદના આધારે નોંધાયેલા ગુનામાં આરોપ છે કે જમીનના વિવાદનો લાભ લઈ ફરિયાદી પાસેથી 15 લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. માંગણી નહીં સ્વીકારવામાં આવે તો કોર્ટ-કચેરીના વિવાદો વધુ જટિલ બનાવી દેવાની, ખોટા કેસોમાં ફસાવી દેવાની અને ગંભીર પરિણામો ભોગવવાની ધમકીઓ આપવામાં આવી હતી. મરોલી પોલીસે ગુનો નોંધાયા બાદ બંનેને ઝડપી પાડવા માટે તેમની રહેણાંક જગ્યાઓ, નિયમિત અવરજવરવાળા સ્થળો અને સંપર્કવર્તુળમાં તપાસ શરૂ કરી હતી. જોકે પોલીસની ટીમ પહોંચે તે પહેલાં જ બંને ગાયબ થઈ ગયા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આરોપીઓના મોબાઈલ ફોન પણ બંધ આવી રહ્યા હોવાની ચર્ચાએ કેસને વધુ ગરમાવ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કાયદાનો ઘેરો કસાતો જોઈ બંને આરોપીઓ ધરપકડ ટાળવા માટે આગોતરા જામીન મેળવવાના પ્રયાસોમાં વ્યસ્ત બન્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે આ બાબતે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.પોસરાની જમીનને લઈને વર્ષોથી ચાલતા વિવાદમાં હવે ખંડણી, ધમકી અને ફરાર આરોપીઓ જેવા ગંભીર મુદ્દાઓ જોડાતા સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવી ગયો છે.

પોલીસ તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ આ પ્રકરણમાં હજુ વધુ ચોંકાવનારા તથ્યો અને કડીઓ બહાર આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સૌની નજર મરોલી પોલીસની આગામી કાર્યવાહી પર મંડાઇ છે. સવાલ એ છે કે કાયદાની પકડથી બચવા ભૂગર્ભમાં ઉતરેલા આરોપીઓ કેટલા સમય સુધી ફરાર રહી શકશે અને પોલીસ તેમને ક્યારે કાયદાના કટઘરામાં ઉભા કરશે?